હવામાન

	મહત્તમ	લઘુત્તમ
નવસારી	૨૯.૦° સે.	૧૬.૦° સે.
આહવા	૩૧.૦° સે.	૧૪.૦° સે.
વલસાડ	૨૯.૦° સે.	૧૪.૦° સે.
વાપી	૨૯.૦° સે.	૧૪.૦° સે.

નવસારીમાં 13.3 ડિગ્રી સાથે સીઝનનો સૌથી ઠંડો દિવસ

પાકોમાં ફૂગજન્ય રોગને રોકવા ખેડૂતોને, પશુઓને ઠંડીથી બચાવવા પશુપાલકોને સલાહ

નવસારી: નવસારી જિલ્લામાં આજે ચાલુ સિઝનનો સૌથી ઠંડો દિવસ નોંધાયો હતો. નવસારી કૃષિ યુનિવર્સિટી (NAU) દ્વારા નોંધાયેલા હવામાન આંકડા મુજબ 20 જાન્યુઆરી 2026ના રોજ લઘુત્તમ તાપમાન 13.3 ડિગ્રી સેલ્સિયસ સુધી ઘટ્યું હતું, જ્યારે મહત્તમ તાપમાન 30.0 ડિગ્રી નોંધાયું હતું. વહેલી સવારના સમયે ઠંડીનો અહેસાસ વધુ રહ્યો હતો અને લોકો ગરમ કપડાંમાં જોવા મળ્યા હતા.

હવામાન વિભાગના આંકડા મુજબ સવારે સાપેક્ષ આર્દ્રતા 89 ટકા જેટલી ઊંચી રહી હતી, જ્યારે સાંજના સમયે તે 40 ટકા નોંધાઈ હતી. ઉત્તર-પૂર્વ દિશાથી 2.4 કિ.મી./કલાકની હળવી પવન ગતિના કારણે સવાર અને રાત્રીના સમયે ઠંડક વધુ અનુભવાઈ હતી. અગાઉના દિવસે એટલે કે 19 જાન્યુઆરીએ લઘુત્તમ તાપમાન 14.2 ડિગ્રી નોંધાયું હતું, જેની સરખામણીએ આજે ઠંડકમાં વધારો થયો છે.

હવામાનમાં આવેલા આ ફેરફારને ધ્યાનમાં રાખીને કૃષિ નિષ્ણાતોએ ખેડૂતોને સાવચેતી રાખવાની સલાહ આપી છે. ઠંડા અને ભેજવાળા વાતાવરણને કારણે શાકભાજી તથા બાગાયતી પાકોમાં ફૂગજન્ય રોગ થવાની શક્યતા રહે છે, તેથી પાકનું નિયમિત નિરીક્ષણ કરવું જરૂરી છે. વહેલી સવાર અને મોડી સાંજના સમયે સિંચાઈ ટાળવાની અને દિવસ દરમિયાન જરૂર મુજબ હળવી સિંચાઈ કરવાની ભલામણ કરવામાં આવી છે. પશુપાલકોને પણ પશુઓને ઠંડીથી બચાવવા પૂરતું આવરણ રાખવા અનુરોધ કરવામાં આવ્યો છે.

દુધિયા તળાવ : વિકાસની લેબ કે કરોડોના કડદાનો ખેલ?

2.65 કરોડના ખર્ચે રંગવિહાર નાટ્યગૃહનું નવીનીકરણ કરાયું, પણ એકેય દિવસ ઉપયોગ કરાયો નહીં

કુદરતી જળાશય પર ફરી બાંધકામ, કાયદા કાગળમાં અને કામ મેદાનમાં



નવસારી: પાલિકા દ્વારા હાલ ચાલી રહેલી કામગીરીએ વિકાસની દિશા અંગે ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે. કુદરતી જળાશય એવા દુધિયા તળાવ પર પહેલા બાંધકામ, ત્યારબાદ એ જ માળખાનું નવીનીકરણ કરીને કરોડો રૂપિયાનો ખર્ચો અને અંતે એક પણ કાર્યક્રમ યોજાયા વગર જ આખું માળખું તોડી પાડવું, આ ઘટનાક્રમ હવે એક પ્રયોગ સમાન લાગણી ઊભી કરી રહ્યો છે.

દુધિયા તળાવના એક ભાગમાં "રંગવિહાર" નામનું ખુલ્લું નાટ્યગૃહ બનાવાયું હતું. ત્યારબાદ તેની હાલત સુધારવાના નામે નવીનીકરણ હાથ ધરાયું, જેમાં અંદાજે 2.65 કરોડ જેટલો ખર્ચ થયો. જો કે, નવીનીકરણ પૂર્ણ થયા બાદ આ નાટ્યગૃહનો એક પણ દિવસ ઉપયોગ થાય તે પહેલાં જ બાંધકામની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા થતાં આખું માળખું દૂર કરી દેવામાં આવ્યું. પરિણામે કરોડો રૂપિયાનું નવીનીકરણ કોઈ જાહેર ઉપયોગમાં આવ્યું નહીં.

માળખું તોડી પાડ્યા પછી જવાબદારી નક્કી કરવાની કે ખર્ચની સમીક્ષા કરવાની જગ્યાએ એ જ સ્થળે ફરીથી નવું કાયમી બાંધકામ શરૂ કરવામાં આવ્યું છે..સ્થાનિક સ્તરે એવી ચર્ચા છે કે આ બાંધકામનો ઉપયોગ શાકભાજી માર્કેટ તરીકે કરવામાં આવશે. આમ, દુધિયા તળાવનો વિસ્તાર હવે કુદરતી જળાશય કરતાં વધુ વિવિધ ઉપયોગો માટે ફેરવાતો વિસ્તાર બની રહ્યો હોય તેવું દૃશ્ય સર્જાયું છે.

GDCR મુજબ કડક નિયમો લાગુ, છતાં બાંધકામની મંજૂરી કયા આધારે અપાઈ?

ગુજરાત ડેવલપમેન્ટ કન્ટ્રોલ રેગ્યુલેશન મુજબ તળાવ, સરોવર અને જળાશય વિસ્તારમાં બાંધકામ માટે કડક નિયમો લાગુ પડે છે. આવી સ્થિતિમાં દુધિયા તળાવ પર નવીનીકરણ, ત્યારબાદ તોડફોડ અને હવે ફરી નવા બાંધકામ માટે મંજૂરી કોના દ્વારા અને કયા આધારે આપવામાં આવી તે અંગે નાગરિકોમાં સ્પષ્ટતા કરવાની માંગ ઉઠી રહી છે.

નવીનીકરણ માટે ખર્ચાયેલા 2.65 કરોડની સંપૂર્ણ વિગતો જાહેર કરવા લોકમાંગ

સ્થાનિક નાગરિકો અને પર્યાવરણપ્રેમીઓનું કહેવું છે કે નવીનીકરણ માટે ખર્ચાયેલા 2.65 કરોડની સંપૂર્ણ વિગતો જાહેર થવી જોઈએ અને જો આયોજનમાં ખામી કે અનિયમितતા સામે આવે તો જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી થવી જોઈએ. સાથે જ, દુધિયા તળાવ જેવા કુદરતી જળસ્રોતના સંરક્ષણ માટે પાલિકા પાસે કોઈ સ્પષ્ટ અને લાંબા ગાળાની નીતિ છે કે નહીં એ સવાલ આજે પણ અનૂત્તરિત છે.

નવસારી શહેરમાં ટ્રાફિક સિગ્નલનો પ્રયોગ શરૂ

સિગ્નલનું માન રાખી નિયમોનું પાલન કરવા ટ્રાફિક પોલીસની અપીલ, સફળ થશે તો સિગ્નલનો કાયમી અમલ શરૂ કરાશે

નવસારી: નવસારી શહેરમાં ટ્રાફિક વ્યવસ્થાને વધુ સુવ્યવસ્થિત અને સલામત બનાવવા માટે આજથી નવસારી ટ્રાફિક પોલીસ દ્વારા ટ્રાફિક સિગ્નલનો પ્રયોગાત્મક ડેમો શરૂ કરવામાં આવ્યો છે. શહેરના મુખ્ય ચાર રસ્તાઓ પર વાહન વ્યવહારની સુચારુતા વધે અને અકસ્માતોની શક્યતા ઘટે તે હેતુથી આ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી છે.ટ્રાફિક પોલીસના જણાવ્યા મુજબ આ ડેમો દરમિયાન સિગ્નલના સમયગાળા, વાહનોની અવરજવર અને પીક અવર્સની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવશે. નાગરિકો અને વાહનચાલકો તરફથી મળતા પ્રતિસાદના આધારે જરૂરી ફેરફાર અને સુધારા કરવામાં આવશે. ટ્રાફિક પોલીસે તમામ વાહનચાલકોને અપીલ કરી છે કે સિગ્નલનું માન રાખે, ટ્રાફિક નિયમોનું પાલન કરે અને પોલીસને સહકાર આપે. આ પ્રયોગ સફળ રહેશે તો આવનારા સમયમાં નવસારી શહેરમાં કાયમી રીતે ટ્રાફિક સિગ્નલ વ્યવસ્થા અમલમાં મૂકવાની યોજના છે.

ડાંગના વિહિરઆંબા ગામનો કોઝવે બન્યો 'મોતનો કૂવો'

વર્ષોથી મરામતના અભાવે ઉબડખાબડ રસ્તા, ક્યાંક તો મોટા ખાડા મોઢું ફાડીને અકસ્માતની રાહ જોઈને બેઠા છે

ગિરીશ ભોયે

નાના ભૂલકાઓએ આંગણવાડી અને શાળાએ આ જ રસ્તે જવું પડે છે!

સૌથી વધુ ચિંતાજનક અને હૃદયદ્રાવક બાબત એ છે કે આ જ જોખમી કોઝવે પરથી ગામના નાનાં ભૂલકાઓ દરરોજ આંગણવાડી અને શાળાએ જવા માટે મજબૂર છે. વરસાદી મોસમમાં જ્યારે નદીના પાણીનું સ્તર વધે છે, ત્યારે આ કોઝવે જીવલેણ બની જાય છે. લપસણી સપાટી અને ઊંડા ખાડાઓને કારણે ગમે ત્યારે કોઈ મોટી દુર્ઘટના સર્જાઈ શકે તેવી ભીતિ સેવાઈ રહી છે.

સાપુતારા: રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં વિકાસના દાવાઓ વચ્ચે ડાંગ જિલ્લાના વિહિરઆંબા ગામનો મુખ્ય કોઝવે આજે એટલી હદે બિસ્માર હાલતમાં છે કે તેને જોતા લાગે છે કે જાણે કોઈ ચંદ્ર પરનો ઊબડખાબડ રસ્તો હોય. વર્ષોથી મરામતના અભાવે આ કોઝવે હવે વાહનચાલકો અને રાહદારીઓ માટે જોખમી બની ગયો છે. વિકાસના રથની ગતિ અહીં આવીને અટકી ગઈ હોય તેવું દ્રશ્ય દેખાઈ રહ્યું છે. આ કોઝવે પર મોટા-મોટા ખાડાઓ પડી ગયા છે, સ્લેબ તૂટી ચૂક્યા છે અને અંદર વપરાયેલું લોખંડ પણ હવે બહાર દેખાવા લાગ્યું છે. નીચેથી ધસમસતું પાણી વહેતું હોય અને ઉપરથી તૂટેલા રસ્તા પરથી પસાર થવું એ કોઈ સાહસિક ખેલથી ઓછું નથી. આ દ્રશ્ય કોઈ દુર્ગમ જંગલના અવાવરું રસ્તાનું નથી, પરંતુ ગ્રામજનોના રોજિંદા અવરજવરના મુખ્ય માર્ગનું છે. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, આ સમસ્યા અંગે અનેક વખત લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. તેમ છતાં, જવાબદાર તંત્રના પેટનું પાણી હલતું નથી. ગ્રામજનોની માગ છે કે ઉચ્ચ અધિકારીઓ આ બાબતની ગંભીરતા સમજે અને ચોમાસા પહેલાં અથવા તાત્કાલિક ધોરણે પાકો અને સુરક્ષિત પુલ કે કોઝવે બનાવવાની કામગીરી શરૂ કરે.

નવસારી જિલ્લાકક્ષાની પ્રજાસત્તાક પર્વની ઉજવણી ચીખલીમાં કરાશે

નેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે નાણામંત્રી કનુભાઈ દેસાઈ ધ્વજવંદન સાથે પરેડનું નિરીક્ષણ કરશે

નવસારી: આગામી ૨૬ જાન્યુઆરીએ પ્રજાસત્તાક પર્વની જિલ્લાકક્ષાની ભવ્ય ઉજવણી ચીખલી તાલુકાના નેશનલ ક્રિકેટ ગ્રાઉન્ડ, ચીખલી ખાતે યોજાનાર છે. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી સુચારુ અને આયોજનબદ્ધ રીતે સંપન્ન થાય તે હેતુથી જિલ્લા કલેકટર શ્રીમતી ક્ષિપ્રા આગ્રેના માર્ગદર્શન હેઠળ તથા ચીખલી પ્રાંત અધિકારી મિતેશ પટેલના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠક યોજાઈ હતી.

પ્રજાસત્તાક પર્વના દિવસે સોમવારે સવારે ૯:૦૦ વાગ્યે રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે ધ્વજવંદન સમારોહ યોજાશે. નાણાંમંત્રી પરેડનું નિરીક્ષણ કરીને લોકોનું અભિવાદન ઝીલી રાષ્ટ્રીય પર્વની શુભેચ્છાઓ પાઠવશે. ચીખલી પ્રાંત કચેરીના સભાખંડમાં યોજાયેલી બેઠકમાં મેદાનની સફાઈ, શણગાર, સુરક્ષા વ્યવસ્થા, પરેડ અને સલામી, પોલીસ દળ, એનસીસી કેડેટ્સ તથા હોમગાર્ડ્સની રિહર્સલ, ટેબ્લો અને સાંસ્કૃતિક કાર્યક્રમોની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

ધ્વજવંદન સમારોહ દરમિયાન પોલીસ બેન્ડની મધુર સુરાવલીઓ વચ્ચે પોલીસ સહિત અન્ય સુરક્ષા જવાનોની પ્લાટૂન પરેડ અને ટેબ્લોનું નિદર્શન યોજાશે. ઉપરાંત વિવિધ શાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ કામગીરી કરનારા અધિકારી-કર્મચારીઓ અને નાગરિકોને પ્રમાણપત્ર આપી સન્માનિત કરાશે. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આ રાષ્ટ્રીય પર્વમાં મોટી સંખ્યામાં નાગરિકો જોડાય તે માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

'કેવા રે મળેલા મનના મેળ, રૂદિયાના રાજા, કેવા રે..

કલાયતનના ત્રિદિવસીય સંગીત ઉત્સવે, સંગીત પ્રેમીઓમાં રંગત જમાવી

વલસાડ: કલાયતન વલસાડ દ્વારા વલ્લભ શિક્ષણ સંગીત આશ્રમના સહયોગથી વલ્લભ આશ્રમ ઓડિટોરિયમ ખાતે યોજાયેલા ત્રિદિવસીય સંગીત સમારોહમાં અંતિમ દિવસે ગુજરાતના જાણીતા કવિઓ અને સ્વરકારો દ્વારા રચાયેલી ગીતોની હારમાળાએ ઉપસ્થિત સંગીત પ્રેમીઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. 'કેવા રે મળેલા મનના મેળ, રૂદિયાના રાજા, કેવા રે મળેલા મનના મેળ' .,ખોબો ભરીને અમે એટલું હસ્યા, કે ખોબો ભરીને અમે રોઈ પડ્યા, અને છેલ્લે ઝવેરચંદ મેઘાણીની જાણીતી કૃતિ 'હે રાજ મને લાગ્યો કસંબીનો રંગ,જેવી કર્ણપ્રિય રચાનાઓએ સંગીત ઉત્સવને અનોખો બનાવી દીધો હતો.

કાર્યક્રમના પ્રથમ દિવસે અનુપમા ભાગવતના સિતારવાદન તથા અભિષેક લાહિરીના સરોદવાદનની જુગલબંધીનો કાર્યક્રમ યોજાયો હતો. બંને અલગ ઘરાનાના વાદકોએ બંને ઘરાનાઓની ખૂબીના સાયુજ્યથી સિતાર-સરોદ વાદનની રજૂઆત કરી હતી. તેમની સાથે સુંદર તબલાસંગત પ્રસિદ્ધ તબલાવાદક અભિષેક મિશ્રાએ કરી હતી. સમારોહના બીજા દિવસે પ્રસિદ્ધ ઓડીસી નૃત્યાંગના આરુષિ મુદ્દગલ તથા વૃંદનો ઓડિસી નૃત્યનો મનભાવન કાર્યક્રમ યોજાયો હતો. કેલુચરણજી દ્વારા નિબદ્ધ કેટલીક ઓડિસી નૃત્યની રચનાઓ પલ્લવી, પદમ તુલસીદાસજીની રચના વગેરે ભાવપૂર્ણ શૈલીમાં રજૂ કરી હતી. કાર્યક્રમના અંતિમ દિવસે શિવરામ પરમાર અને નિકિતા વાઘેલા દ્વારા સુગમ સંગીતનો મનભાવન કાર્યક્રમ રજૂ થયો હતો. જેમાં જૂના અને નવા ગુજરાતી સુગમગીતોની રચનાઓ ખૂબ મધુરતાથી તેઓએ રજૂ કરી હતી. પ્રસિદ્ધ કવિઓ અને સ્વરકારો ની રચનાઓની સાથે સાથે શિવરામ પરમારે પોતે રચેલી રચનાઓ પણ રજૂ કરી શ્રોતાઓની દાદ મેળવી હતી.નિકિતા વાઘેલાના મધુરા કંઠે રજૂ થયેલી રચનાઓ ખુબ સરાહનીય હતી.કાર્યક્રમનું સૂત્રધાર પદ માનસી દીવાને શોભાવ્યું હતું. કલાયતનના પ્રમુખ ડો મનીષ મોદીએ સૌને શબ્દો થકી આવકાર્યા હતા. વિરલ ગાંધી, દિલીપ વિસ્પુતે તથા ચેતન ચાંપાનેરીએ કલાકારોનો પરિચય કરાવ્યો હતો.કાર્યક્રમનું સંચાલન તન્વી મોદી, હેમલતા ગદરે તથા તન્વી પટેલે કર્યું હતું.

આહવામાં મહિલા પર હુમલાના ગુનામાં ચાર ઝબ્બે

બે આરોપી રાજસ્થાનમાંથી અને બે આરોપી મહારાષ્ટ્રના નાસિકથી ઝડપાયા

સાપુતારા: સ્ત્રીને આંતરી જાતીય હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપવાના આહવા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા ચાર વોન્ટેડ આરોપીઓને ડાંગ જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચે રાજસ્થાન અને મહારાષ્ટ્ર ખાતેથી ઝડપી પાડ્યા છે.

મળેલી બાતમી અનુસાર આરોપીઓ હાલ રાજસ્થાનના બીહારીપુરા ખાતે હોવાની માહિતી મળતા તાત્કાલિક એલ.સી.બી.ની ટીમ રાજસ્થાનના બુંદી જિલ્લાના બીહારીપુરા ખાતે પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયા જાણવા મળ્યું કે આરોપીઓ વાડી/સીમ વિસ્તારમાં ઇંગા પડાવ બનાવી રહેતા હતા, જ્યાં વાહન વ્યવહારનો કોઈ માર્ગ ન હતો. જેના કારણે ડાંગ એલ.સી.બી.પોલીસ ટીમે અલગ-અલગ ટુકડીઓ બનાવી વેશપલટો કરી કાચા રસ્તે પગપાળા, કાંટા-બાવળ અને પાણીમાંથી પસાર થઈ નદી/નાળા ક્રોસ કરી સીમ વિસ્તારમાં કોર્ડન કરી વોરંટના આધારે બે આરોપીને ઝડપી લીધા હતા. ઝડપાયેલા આરોપીઓની વધુ પૂછપરછ દરમિયાન જાણવા મળ્યું કે બાકી બે આરોપી મહારાષ્ટ્ર રાજ્યમાં મેળાને લગતા ધંધા અર્થે ગયા છે. જેથી ડાંગ એલ.સી.બી.ની એક ટીમ તાત્કાલિક મહારાષ્ટ્ર રવાના કરવામાં આવી હતી અને નાશિક ખાતેથી બાકી બે આરોપીને પણ વોરંટના આધારે ઝડપી લેવામાં આવ્યા. આ રીતે કુલ ચારેય વોન્ટેડ આરોપીઓને હસ્તગત કરી આહવા લાવી પૂછપરછ બાદ આગળની કાર્યવાહી માટે આહવા પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા છે.

વાપી ટાઉન શાકભાજી બજારના જિદ્દી દબાણો છેવટે હટાવાયા

મનપાએ પોલીસના કાફલા, ટ્રેક્ટર-જેસીબી સાથેની ટીમો ઉતારી સુપડાં સાફ કરી નાંખ્યા

અનેક વિનંતીઓ, સૂચનાઓ છતાં દબાણકર્તાઓ માન્યા જ નહીં, છેવટે મેગા ઓપરેશન

વાપી: વાપી ટાઉન શાકભાજી બજારમાં આજે વાપી મહાનગરપાલિકા એકશન મોડમાં આવી હતી અને વલસાડ જિલ્લા પોલીસના કાફલા સાથે બજારમાં થયેલા દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરી હતી. મનપાની ટીમોએ ટ્રેક્ટર-જેસીબી સાથે માર્ગને અવરોધરૂપ બનનારાઓનો સામાન ટ્રેક્ટરમાં ભરી લીધો હતો. આ ઉપરાંત નાના-મોટા વેપારીઓ દ્વારા કાચા-પાકા કરેલા બાંધકામો અને શેડ દૂર કરવા જેસીબીનો સહારો લીધો હતો, તો કેટલાક વેપારીઓએ સ્વૈચ્છિક રીતે દબાણો હટાવી પણ દીધા હતા.

વાપી શાકભાજી બજારમાં મનપા ટીમ દ્વારા સવારથી જ દબાણો દૂર કરવાની કામગીરીને લઈ નાના-મોટા છૂટક વેચાણકર્તાઓ અને પાથરણાવાળાઓમાં ગભરાટ ફેલાઈ ગયો હતો અને તેઓ પાકા મકાનો કે દુકાનોના ઓટલા ઉપર બેસી ગયા હતાં. તો કેટલાક છૂટક વેચાણકર્તાઓ ત્યાંથી પરત ઘરે ફરી ગયા હતા. વાપી શાકભાજી બજારમાં મનપા ટીમ અને વલસાડ જીલ્લા પોલીસ કાફલા સાથે પહોંચ્યો ત્યારે દબાણકર્તાઓમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. જ્યાં પણ કાચી-પાકી દીવાલો કે શેડ દેખાયા ત્યાં પોલીસ ટીમે દબાણો દૂર કરાવ્યા હતા. આ કાર્યવાહી બાદ વાપી બજાર ચોખ્ખું દેખાયું હતું અને વાહનોની અવરજવર પણ સરળ થઈ ગઈ હતી.

નોંધનીય છે કે વાપી મનપા દ્વારા ટ્રાફિકને અવરોધરૂપ નાના-મોટા વેપારીઓ અને છૂટક વેચાણકર્તાઓને અનેક વખત સૂચનાઓ-નોટિસ આપી હતી અને તેઓને માટે ચલા કસ્ટમ રોડ સ્થિત સરદાર પટેલ માર્કેટ બનાવવામાં આવી છે, ત્યાં જવા માટે જણાવવામાં આવ્યું હતું.

આખું બજાર જ ખસેડવામાં આવે તો લોકો કસ્ટમ રોડના નવા બજાર સુધી જાય

ચલા કસ્ટમ રોડ પર બનેલા સરદાર પટેલ માર્કેટ એક-બે દુકાનો અને લારીવાળાઓને છોડી ખાલીખમ જોવા મળી હતી. ઘણાં નાના છૂટક વેચાણકર્તાઓને ચલા સુધીનો ચક્રાવો લાંબો પડતો હોય તથા યોગ્ય ઘરાકી મળી રહેશે કે કેમ? આ ઉપરાંત વાહન પાર્કિંગની પણ કોઈ સુવિધા નજરે પડતી ન હોવાનું જણાવી રહ્યા છે. વાપી શાકભાજી બજારમાં કેટલાય પાથરણાવાળાઓ આવતા હોય છે, જેઓને યોગ્ય જગ્યા મળી રહેશે કે કેમ? તેવા અનેક પ્રશ્નો લોકોમાં ઉદ્ભવી રહ્યા હતા. જો આખું બજાર જ ખસેડવામાં આવે તો દરેક લોકો ત્યાં ખરીદી કરવા માટે આવશે.

મનપા દબાણો દૂર કરવાની કામગીરી રોજેરોજ કરશે

શાકભાજી બજારમાં થયેલા દબાણો દૂર કરવા ટ્રેક્ટર, જેસીબી લઈને પહોંચેલી વાપી મનપાની ટીમ સાથે વલસાડ જિલ્લા પોલીસની ગાડીઓનો કાફલો આવ્યો હતો, જેમાં મહિલા પોલીસ ટીમો પણ હતી. કોઈ અનિચ્છનીય બનાવ બન્યો ન હતો અને બજારમાં થયેલા દબાણો દૂર કરવાની કાર્યવાહી સાંજ સુધી ચાલી હતી. આ દબાણો દૂર કરવાની કામગીરી મનપા દ્વારા રોજે-રોજ કરવામાં આવશે, તેવું જાણવા મળી રહ્યું છે.

કુંભાર ફળિયા ગામમાં વૃદ્ધનું બાથરૂમમાં મોત

નવસારી: નવસારીના કુંભાર ફળિયા ગામના મંદિર ફળિયા વિસ્તારમાં સોમવારની રાત્રે હરિશ્ચંદ્ર ગુલાબભાઈ મિસ્ત્રી (ઉ.વ.૭૦) બાથરૂમ જવા માટે ઉઠ્યા હતા, પરંતુ લાંબા સમય સુધી બહાર ન આવતા પરિવારજનોએ બાથરૂમનો દરવાજો તોડી તપાસ કરતાં તેઓ જમીન પર પડી ગયેલા અને બેભાન હાલતમાં મળી આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં હાર્ટ એટેકના કારણે મોત થયું હોવાનું જાણવા મળ્યું છે.

વાપી ટાઉનના પ્રોહિ.ગુનામાં દોઢ વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

વાપી: વાપી ટાઉન પોલીસ સ્ટેશનમાં એમ.વી.એકટ તથા પ્રોહિબિશન મુજબના ગુનામાં સામેલ મહેન્દ્ર રમેશ પટેલ (ઉ.38, રહે. પટેલ ફળિયા, નાની દમણ) દોઢ વર્ષથી ભાગતો ફરતો હતો. વાપી ટાઉન પોલીસે મળેલી બાતમી મુજબ વાપી મોટા ગરનાળા પાસેથી તેને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Dakshin Gujarat Vij Company Limited
CIN U40102GJ2003SGC042909
Kadodara Division
GETCO 66 KV SS Compound, Kadodara, Surat 394 327
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

Tender Notice

Tenders are invited from registered contractors for (1) Supply, installation, testing & commissioning earthing system for transformer center with maintenance free, Ready capsules, Pipe in Cage (PIC) type earthing and connection to the various parts of transformer center using GI strip and GI nut bolt under various Schemes for all sub-divisions under Kadodara Division. For further details & download, please visit tender.dgvcl.com & https://tender.nprocure.com.

EE (O&M), Kadodara Division Office, DGVCL.

Install MCB/ ELCB/ RCCB & Prevent Electric Shocks/ Electrical Accidents

ભરૂચ નિર્દિષ્ટ વિસ્તાર
મુખ્ય અધિકારીશ્રી ની કચેરી
ફોન નં.(૦૨૬૪૨)૨૪૫૫૯૬
નિવિદાનં.૦૩/૨૦૨૫-૨૬

મુખ્ય અધિકારી, નિર્દિષ્ટ વિસ્તારની કચેરી, એપેક્ષ હોટલ નજીક, પ્લોટ નં. ૬૯, ફેઝ- ૧, નર્મદા નગર, જીઆઇડીસી, ભરૂચ, તરફ થી જીઆઇડીસી, ગુજરાત રાજ્ય જાહેર બાંધકામ વિભાગ, હાઉસીંગ બોર્ડ અને જાહેર આરોગ્ય ખાતા ની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ચાદીનાં કોન્ટ્રાક્ટરો પાસે થી જુદા જુદા કામો નાં ટેન્ડરો જેની અંદાજીત કીંમત રૂ! ૩.૬૩ લાખ થી ૪૧.૧૭ લાખ છે તે મંગાવવામાં આવેલ છે.

અ. નં.	ઓન લાઇન ટેન્ડર	આ ટેન્ડર ફક્ત ઓન લાઈન તા. ૨૩/૦૧/૨૦૨૬ થી ૦૫/૦૨/૨૦૨૬ ના ૧૭-૦૦ કલાક સુધી વેબ સાઈટ https://tender.nprocure.com, GEM Portal અને www.statetenders.gujarat.gov.in
૧		

આ કામના ઓનલાઈન માટે ના બીજા દસ્તાવેજી પુરાવા, બાનાની રકમ, ટેન્ડર ફી, રજીસ્ટ્રેશન ની કોપી વિગેરે તા. ૦૬/૦૨/૨૦૨૬ થી તા. ૦૭/૦૨/૨૦૨૬ ના ૧૭-૦૦ કલાક સુધીમાં સ્પીડ પોસ્ટ/કુરિયર/ હેન્ડ ડીલીવરી થી મળે તે રીતે મુખ્ય અધિકારી, નિર્દિષ્ટ વિસ્તારની કચેરી, જીઆઇડીસી, ભરૂચની કચેરી ને મોકલવા. ટેન્ડર ઓપનીગ તા. ૦૯/૦૨/૨૦૨૬ રોજ ૧૨-૦૦ કલાકે ખોલવામાં આવશે.
આ કામની નિવિદા ઓફીસનાં નોટીસ બોર્ડ ઉપર તેમજ વેબસાઈટ https://tender.nprocure.com, GEM Portal અને www.statetenders.gujarat.gov.in માં જોવા મળશે. વધુ માહીતીની જરૂરીયાત હોય તો મુખ્ય અધિકારી, નિર્દિષ્ટ વિસ્તારની કચેરી, જીઆઇડીસી, ભરૂચની કચેરી (ફોન ૦૨૬૪૨-૨૪૫૫૯૬) ખાતે કામકાજ ના સમય દરમ્યાન મેળવી શકશે.

સહી/-
મુખ્ય અધિકારી (નિ.વિ.),
જીઆઇડીસી,ભરૂચ/પાલેજ.

માહિતી/ભરૂચ/૭૧૭/૨૦૨૬